TOWN PLANNING AND VALUATION DEPARTMENT
નગર આયોજન અને મુલ્યાંકન ખાતું
GUJARAT STATE
ગુજરાત રાજ્ય
Block No. 14, Ground Floor & Second Floor, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar-382 010
બ્લોક નં. ૧૪, ભોંયતળીયે અને બીજે માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨ ૦૧૦
Phone : 31671, 31669
ફોન : ૩૧૬૭૧, ૩૧૬૬૯

DPI NO. ૩૨૭૭ ૨૦/૧૨/૯૭

ગાંધીનગર,
તા. ૭/૧/૯૭.

નં. નરયો/સુરત નં. ૩૨/અડાજણ/હ.ગુ./ ૨૧૭

Inward No. 2081 ૧૯૫૪ 23-1-97

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

વિષય:- સુચિત નગર રચના યોજના, સુરત નં. ૩૨(અડાજણ) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ પરામર્શ આપવા બાબતે.

સંદર્ભ:- આપશ્રીની કચેરીના તા. ૬-૧૧-૯૬ ના પત્ર નં. ટીપીડી/૪૭૬૭.

મહાશય,

ઉપરોક્ત સંદર્ભના વિષયાન્વયે જણાવવાનું કે, સૂચિત નગર રચના યોજના સુરત નં. ૩૨(અડાજણ) તૈયાર કરવા અંગે સુરત મહાનગરપાલિકા, સુરતની નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૩૭, તા. ૧૦-૭-૯૨થી ઠરાવ કરવામાં આવેલ છે. તે ઠરાવમાં સંદર્ભે અડાજણ ગામના રેવન્યુ વિસ્તાર ગેઝેટના નકશામાં દર્શાવેલ વિસ્તાર માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈઓ નીચે સૂચિત નગર રચના યોજના નં. ૩૨(અડાજણ) નો હદ વિસ્તાર આ સાથેના નકશામાં લાલ લીટીથી દર્શાવ્યા મુજબ, અધિનિયમની કલમ-૪૧(૧) નીચેની શરતને આધીન પ્રાવેધિક અનુમતિ (કન્સલ્ટેશન) આપવામાં આવે છે.

(૧) સૂચિત નગર રચના યોજના વિસ્તારમાં, 'સુડા'ની મંજુર વિકાસ યોજનામાં જાહેરહેતુ માટે અનામત જમીનો સમાવિષ્ટ છે. તે જમીનો નગર રચના યોજનામાં નગર રચના યોજનાની રૂએ પ્રાપ્ત કરતાં, મંજુર થયેલ વિકાસ યોજનાના જાહેરહેતુ પ્રમાણે જમીન સંપાદન દ્વારા કે ખાનગી વાટાઘાટોથી સંપાદન કરવાની રહેશે. તે મુજબ દરખાસ્તો પડવાની રહેશે. (એટલે કે નગર રચના યોજનામાં વિકાસ યોજનાનું રીઝર્વેશન વિકાસ યોજનાની રૂએ રહે તેમ કરવાનું રહેશે.)

ઉક્ત શરતને આધિન આ યોજનાની હદો ધ્યાને લઈ આ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈ તથા તે અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમો પ્રમાણે યોગ્ય તે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવે તે જોવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

મુખ્ય નગર નિયોજક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

બિડાણ:- ઉપર મુજબ.